દેશમાં સખાવત કેટલી અને કેવી રીતે થાય છે?

પગરવ

★ પ્રશસ્ત પંડયા

આ પણી સંસ્કૃતિમાં સખાવતનો મહિમા છે અને મહદંશે દરેક વ્યક્તિ પોતાની શક્તિ મુજબ સખાવત કરે છે. આ સખાવત કેવી રીતે થાય છે? કોણ વધુ કરે છે? ક્યાં કરે છે અને સખાવત નાણાંના કયા સ્વરૂપમાં કરે છે? આ પ્રશ્નોના જવાબ મેળવવા જઈએ તો તેનો જવાબ મળવાની શક્યતા ઓછી લાગે; પરંતુ દેશમાં આવેલી પ્રતિષ્ઠિત 'અશોકા યુનિવર્સિટી'માંથી સખાવત અંગેના જાતભાતના સવાલો વિશે એક અભ્યાસ થયો અને હાલમાં તેના પરિણામો મીડિયામાં પ્રકાશિત થયા છે. આ અભ્યાસનું અંગ્રેજીમાં મથાળું છેઃ 'હાઉ ઇન્ડિયા ગિવ્સ'. મતલબ કે દેશમાં દાન આપનારો વર્ગ કયો છે. આ અભ્યાસના પ્રાથમિક તારણમાં સૌથી વધુ સખાવતકર્તાઓમાં કોઈ ઉદ્યોગપતિ નથી; બલકે સામાન્ય લોકોનો બહુ મોટો વર્ગ સૌથી વધુ સખાવત કરીને ટોપ પર છે. એક અર્થમાં કહીએ તો લાખો સામાન્ય લોકો ભેગા થઈને દેશના સૌથી ધનાઢ્ય ઉદ્યોગગૃહની માલિકી ધરાવતા મુકેશ અંબાણી કરતા પણ વધુ સખાવત કરે છે.

આ અભ્યાસમાં એક વિગત પ્રકાશમાં આવી છે અને તેનાથી કોઈને આશ્ચર્ય ન થવું જોઈએ તે એ છે કે ભારતમાં સૌથી વધુ સખાવત ધાર્મિક સ્થાન-સંસ્થાઓમાં થાય છે અને તદ્ઉપરાંત અભ્યાસમાં એ તો જણાવાયું છે કે સખાવતનો અભ્યાસ કર્યો હોવા છતાં તેનો સાચો અંદાજ કાઢવો હજુય મુશ્કેલ છે; કારણ કે દેશમાં મોટા પ્રમાણમાં થતું દાન ક્યાંય ગણાતું નથી. ઉપરાંત તે રોકડમાં જાય છે અને તેનો પછીથી કોઈ હિસાબ થતો નથી. હવે જેટલી દાનની રકમ ગણી શકાય કે તે ધ્યાને આવે છે તેમાં ધાર્મિક સ્થાન-સંસ્થાનનો હિસ્સો 45 ટકા જેટલો છે. એ પછીના ક્રમે જેઓ અત્યંત નિર્ધન છે અને માંગીને પોતાનું ગુજરાન ચલાવે છે તેમનો હિસ્સો 41 ટકા જેટલો છે. બાકીનો હિસ્સો જે વધે છે તેમાં 15 ટકાની આસપાસનો સખાવતનો હિસ્સો ધાર્મિક ન હોય તેવી સંસ્થાને જાય છે. આ અભ્યાસમાં એવું પણ પ્રકાશમાં આવ્યું છે કે ભારતમાં 68 લોકો કોઈને કોઈ સ્વરૂપે દાન આપે છે અને તેને રૂપિયામાં ગણીએ તો તે 54,000 કરોડ થાય છે. સ્વાભાવિક છે કે આટલાં નાણાંની ક્યાંય નોંધ થતી નથી. તે વ્યક્તિગત રીતે કોઈના હાથમાં જાય છે અને તેની ગણતરી બેન્ક કે ટેક્સ સિસ્ટમમાં ક્યાંય થતી નથી. ઉપર દર્શાવેલી રકમમાંથી માત્ર દસ ટકા રકમની નોંધ ક્યાંક ને ક્યાંક પડે છે. આપણા સરકાર માટે પણ આટલી મોટી રકમને ટ્રેક કરવું પડકારભર્યું છે અને મહદંશે આપણે ત્યાં દાનને લોકો પાપ-પુણ્યના ખાનામાં રાખીને આપે છે તેથી પણ તેને ક્યાંય કાગળ પર લેવામાં આવતી નથી. જોકે અમેરિકા જેવા દેશોમાં થતી સખાવતને ટ્રેક કરી શકાય છે અને ત્યાં પણ આ આંકડો નાનોસૂનો નથી. પરંતુ ભારત જેવા દેશમાં તે ટ્રેક કરવું અને તેની નોંધ રાખવી અશોકા યુનિવર્સિટીમાં થયેલા અભ્યાસ મુજબ શક્ય નથી લાગતું.

દાનધર્મનો મહિમાં આપણા દેશમાં સામાન્ય રીતે ઉત્સવોમાં વધુ જોવા મળે છે અને તેથી પણ આ અભ્યાસમાં સાચો આંકડો મળે તે માટે અભ્યાસના દિવસો ઉત્સવો દરમિયાન રાખવામાં આવ્યા નથી. આ રિસર્ચ કરનારા ટીમનું નેતૃત્ત્વ કરનારા ક્રિશ્નુ ચક્રવર્તી મુજબ ઉત્સવ દરમિયાન દાનધર્મનો આંકડામાં અંદાજે 30 ટકા સુધીનો વધારો આવે છે. અભ્યાસમાં દેશમાં પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણમાં ક્યાં સૌથી વધુ દાનધર્મ થાય છે તેનો પણ એક અંદાજ કાઢવામાં આવ્યો છે. આ અંદાજમાં સૌથી ઉપર ઉત્તરના રાજ્યો છે. તેનો હિસ્સો 32 ટકાની આસપાસ છે. તે પછી દક્ષિણના રાજ્યોનો હિસ્સો 25 ટકાનો છે. પૂર્વ 23 ટકા અને આશ્ચર્ય થાય કે જ્યાં આપણું રાજ્ય પણ આવે છે તે હિસ્સો પૂરા દેશના દાનના મુકાબલે 20 ટકાનો છે.

આ અભ્યાસનો ઉદ્દેશ દેશમાંથી સખાવત ક્યાં, કેવી રીતે થાય છે એટલો જ છે. તેનાથી પોતાના રાજ્યનું મૂલ્યાંકન થાય એવું નથી. કારણ કે અગાઉથી જ અભ્યાસમાં એ મર્યાદા દાખવી દેવામાં આવી છે કે આ અભ્યાસમાં બધા જ આંકડા સમાવી શકાયા નથી. ઉપરાંત આપણા દેશમાં ચારધામથી માંડિને ઘણા ધર્મસ્થાનો ઉત્તર ભાગમાં વધુ છે. જેમ અશોકા યુનિવર્સિટીમાં આ અભ્યાસ થયો છે તેમ એક અન્ય સંસ્થા 'બેઇન એન્ડ કંપની' દ્વારા 'ઇન્ડિયા ફિલાન્થ્રોપી રિપોર્ટ 2024' તૈયાર થયો હતો. આ રિપોર્ટમાં પણ કેવી રીતે સખાવત થાય છે તેનો અહેવાલ મૂકવામાં આવ્યો છે. આ અહેવાલ મુજબ દેશના કોર્પોરેટ જગતમાંથી દાનનો ફ્લો વધ્યો છે. આ અહેવાલમાં એવું તારણ આવ્યું છે કે કોર્પોરેટ જગતમાંથી 'કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી'ના અંતર્ગત આવતાં નાણાં 2018થી અત્યારનો ગ્રોથ 59 ટકા જેટલો વધ્યો છે.

સખાવતમાં કોર્પોરેટ કંપનીઓ હોય અને ઠરીઠામ થયેલાં લોકો પણ હોય, પરંતુ બંને અભ્યાસમાં એવું તારણ આવ્યું છે કે યુવાનો પણ સખાવતમાં આગળ આવી રહ્યા છે. તેઓ જે ક્ષેત્રમાં સખાવત કરે છે તેમાં મુખ્યત્વે મહિલા પુરુષોના ભેદભાવને મિટાવતા કાર્યોમાં અને તદ્ઉપરાંત સમાજના જે પડકાર છે તે માટે.

સખાવત આપનારો આટલો મોટો વર્ગ છે અને તેનાથી આટલી મોટી સંપત્તિ આવી રહી હોય તેમ છતાં તેમાં મહદંશે આંકડો ઇન્ફોર્મલ જોવા મળે છે. આવું કેમ? તો તે તમારા પોતાના દાખલાથી તેનો ઉત્તર મેળવી શકો. આપણે જ્યારે પણ કોઈ મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા કે ચર્ચ કે ધાર્મિક સ્થાન પર જઈએ છીએ અને પોતાના ખિસ્સામાંથી રોકડ કાઢીને આપીએ છીએ ત્યારે તેની પાવતી મળતી નથી. જ્યાં મોટી રકમની પાવતી મળે છે ત્યાં તેની નોંધ અકાઉન્ટમાં થાય છે કે નહીં તેની દરકાર કોઈ લેતું નથી. હવે આવું કેમ નથી થતું તેનું એક કારણ આપણે ત્યાંનું અસંગઠીત કાર્યક્ષેત્રો પણ છે. હજુ પણ આપણા દેશમાં મોટા ભાગનો વર્ગ અસંગઠીત રીતે કામ કરે છે. તેમને જે પ્રમાણે વળતર ચૂકવાય છે તે જ રીતે તેઓ દાન પણ આપે છે. તેથી દાનની ટૂકડે ટૂકડે કરોડોમાં થતી આવકનો હિસાબ ક્યાંય મળતો નથી. આવું ન થાય તે માટે સરકાર શક્ય એટલાં પ્રયાસ કરી રહી છે, તેમ છતાં આજે પણ ધાર્મિક સ્થાનોની ચોક્કસ આવક જાણવી મુશ્કેલ છે. જેમના અકાઉન્ટ ચોખ્ખા હોય છે તેઓ પણ ઘણા સ્થાને આવું જ ગુપ્ત દાન આપીને નોંધની દરકાર રાખતા નથી. આવું ન થવાનું કારણ સરકારનું વલણ પણ છે.

સખાવતને લઈને જૂની માન્યતા એવી છે કે તાતા, અંબાણી કે બજાજ જેવા મોટા ગ્રૂપ જ મસમોટી રકમ દાનમાં આપે છે. પરંતુ હવે બજારમાં નવા બિઝનેસ ગ્રૂપ આવી રહ્યા છે અને તેઓ પણ સખાવત કરવામાં અગ્રહરોળમાં આવી રહ્યા છે. એ ઉપરાંત વિદેશમાં રહેતા ભારતીયો પણ પોતાના ઘરઆંગણે સેવા માટે નાણાં મોકલવામાં આગળ આવી રહ્યા છે. 2025માં 'ઇન્ડિયા ગિવિન્ગ ડે'માં 9 મિલિયન ડૉલર આવ્યા હતા, તે 2024ના વર્ષ કરતાં સાઠ ટકા વધુ રકમ હતી.

સખાવતનો વ્યાપ માપી ન શકાય એટલો છે અને તેમાં અનેક બાબતોને સમાવિષ્ટ કરી શકાય. પરંતુ અહીંયા જે સંસ્થાઓએ અભ્યાસ કરીને અંદાજ કરવાનો પ્રયાસ કર્યો છે તેમાં તેમણે મર્યાદા દાખવી છે. જોકે એટલું ખરું કે દેશમાં મૂડી આવી રહી છે અને તેની અસર દરેક ક્ષેત્ર પર પડી રહી છે. દુનિયાના નકશા પર ભારત હવે વિકસિત થવા દોડી રહ્યું છે અને તેનો પરોક્ષ-પ્રત્યક્ષ લાભ સખાવતની મૂડી પર પણ થઈ રહ્યો છે. આ નવા ટ્રેન્ડમાં એટલી જ હવે સાવચેતી રાખવી જોઈએ કે જ્યાં પણ મસમોટી મૂડી જમા થાય, તે પ્રજાના કલ્યાણ અર્થે ઉપયોગમાં લેવાય.

આ અભ્યાસનું અંગ્રેજીમાં મથાળું છેઃ 'હાઉ ઇન્ડિયા ગિવ્સ'. મતલબ કે દેશમાં દાન આપનારો વર્ગ કયો છે. આ અભ્યાસના પ્રાથમિક તારણમાં સૌથી વધુ સખાવતકર્તાઓમાં કોઈ ઉદ્યોગપતિ નથી; બલકે સામાન્ય લોકોનો બહુ મોટો વર્ગ સૌથી વધુ સખાવત કરીને ટોપ પર છે